MoS Sir

# અનુક્રમણિકા

બિન સરકારી વિધેયક ક્રમાંક : ૮

માન. ધારાસભ્યશ્રી પુનમચંદા બરંડા (ભિલોડા)

**ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબતનુ બિન સરકારી વિધેયક**

ગુરૂવાર તા.૦૮/૦૨/૨૦૨૪ (બીજી બેઠક) અગ્રતાક્રમ-૦૩

| અ.ન. | વિધેયક સંબધિત વિગતો | પાન નંબર |
|---|---|---|
| ૧. | બિન સરકારી વિધેયક પરની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની યાદી | A |
| ૨. | માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ની સ્પીચ | B |
| ૩. | ગૃહમાં રજૂ થનાર બિન સરકારી વિધેયક – અંગ્રેજી નકલ | C |
| ૪. | ગૃહમાં રજૂ થનાર બિન સરકારી વિધેયક – ગુજરાતી નકલ | D |
| ૫. | કેબીનેટ નોંધ | E |
| ૬. | માન. ધારાસભ્યશ્રીનું ઉદબોધન | F |

A

ગુજરાત વિધાનસભા

**બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ**
**(બાળુ શુકલ)**
**મુખ્ય દંડક**
ગુજરાત સરકાર

ક્રમાંક :
**ગુજરાત વિધાનસભા,**
વિઠ્ઠલભાઈ પટેલ ભવન, બીજો માળ,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નં.: (૦૭૯) ૨૩૨૨૦૯૪૮, ૨૩૨૨૪૨૯૬,
૨૩૨૫૩૦૧૮
ફેક્સ નં.: (૦૭૯) ૨૩૨ ૫૪૭૯૫
મો. નં. : ૯૮૭૯૫ ૧૫૧૨૮
ઈ-મેઈલ : raopura144@gmail.com
તારીખ : ૦૫-૦૨-૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી,

નમસ્કાર..

**ગુરુવાર, તા.૦૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)**ના રોજ હાથ ધરાનાર માન. સભ્ય **શ્રી પુનમચંદ બરંડા**નું સન ૨૦૨૩નું બિન-સરકારી વિધેયક **ક્રમાંક-૦૮ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મુકવા બાબત વિધેયક** પરની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની યાદી.

| **ક્રમ** | **માન.સભ્યશ્રીનું નામ** | **મતવિસ્તાર** | **મિનિટ** |
|---|---|---|---|
| ૧ | શ્રી પુનમચંદ બરંડા | પ્રભારી સભ્યશ્રી | ૦૬ |
| ૨ | શ્રી અનિકેતભાઈ ઠાકર | ૧૨-પાલનપુર | ૦૬ |
| ૩ | શ્રી રાજેશકુમાર ઝાલા | ૧૨૦-કપડવંજ | ૦૬ |
| **૪** | **શ્રી હર્ષભાઈ સંઘવી** | **માન. રા.ક.મંત્રીશ્રી,** ગૃહ વિભાગ | **૧૫** |
| ૫ | શ્રી પુનમચંદ બરંડા | પ્રભારી સભ્યશ્રી | ૦૧ |

કુશળ હશો.

આપનો સ્નેહાધીન,

**(બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ)**
સરકારના મુખ્ય દંડક

પ્રતિ, **માન.અધ્યક્ષશ્રી,** ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

B

## માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રીનું ઉદબોધન

માન.અધ્યક્ષશ્રી,

આ સન્માનીય ગૃહના માન ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજી ગુજરાતના જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મુકવા બાબતનું બિનસરકારી વિધેયક ક્રમાંક:૮ સન ૨૦૨૩ લઈને આવ્યા છે. માન ધારાસભ્યશ્રીની ધારાસભ્યશ્રી તરીકેની પ્રથમ ટર્મ હોવા છતાં બિનસરકારી વિધેયક લાવવા માટેના ઉત્સાહ અને સજ્જતાની હું પ્રશંસા કરું છું. કેમ કે સન્માનીય ગૃહ ધારાસભ્યશ્રીના વ્યક્તિત્વ ઘડતરની અતિ ઉત્તમ પાઠશાળા છે જેમાં માન ધારાસભ્યશ્રી પ્રત્યેક દિવસે નવું ને નવું ને કશુંક શીખીએ છે અને તેની આંતરિક અને બૌધિક ક્ષમતામાં ઉતરોત્તર નિખાર આવે છે અને માન.ધારાસભ્યશ્રી સન્માનીય સભા ગૃહમાં તપીને સોનુ થાય છે.

માન.અધ્યક્ષશ્રી,

ભારત દેશ લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર છે. બંધારણની જોગવાઈઓ તથા તેની હેઠળ ઘડવામાં આવેલ કાયદા, નિયમો, પેટા નિયમોની જોગવાઈઓના આધારે રાષ્ટ્ર અને રાજ્યનું સંચાલન કરવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી,

આપણા દેશનું બંધારણ ભારતના નાગરીકને ભારતના નાગરિક દ્વારા લોકપ્રિય ઢબે ચુંટાયેલી સરકારનો લોકશાહી ઢબે વિરોધ કરવાનો અધિકાર અને આઝાદી આપે છે. વિશ્વના કોઈપણ દેશમાં તેના નાગરિકને કોઈ પણ બાબતે વિરોધ કરવા માટે ઓછા-વત્તા અંશે આઝાદી આપવામાં આવે છે. કેટલાક ઈસ્લામિક દેશોમાં લોકશાહી અધિકારનો વીંટો વાળી દેવામાં આવે છે. ઈરાનમાં જેવા દેશમાં સ્ત્રીને હિજાબ વિના ફરવાની પરવાનગી સુધ્ધા હોતી નથી. અમુક દેશોમાં મહિલાઓને મતાધિકાર પણ આપવામાં આવેલ નથી. અફઘાનિસ્તાન જેવા દેશમાં યુસુફઝઈ

મલાલા જેવી બહાદુર મહિલાએ સરકાર સામે લડીને શિક્ષણ મેળવવાનો હક્ક પ્રાપ્ત કર્યો હતો. પરંતુ તાલિબાન જેવી આતંકી સંસ્થાએ લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને પત્તાના મહેલની જેમ ગબડાવીને ગેરકાયદેસર સત્તા પચાવી પાડેલ છે. જે સરકારે મહીલાઓને ભણવા પર, શિક્ષણ મેળવવા પર જાહેરમાં પરપુરુષ સાથે વાતચીત કરવા પર આકરો પ્રતિબંધ ઝીકેલ છે તેમજ કસુરવારોને તાલિબાન ઢબે શરીયત મુજબની સજા આપવામાં આવે છે. જેમાં કોરડા મારવાની અને બંદુકના નાળચે ફૂંકી મારવાની સજા કરવામાં આવે છે. અમેરીકા જેવા દેશે પણ મહીલાને ગર્ભપાત જેવી વ્યક્તિગત સ્વતંત્રતા પર પ્રતિબંધ મુકીને બુધ્ધિનું દેવાળું ફૂંકેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

આ દેશમાં ભૂતકાળની સરકારોએ મુસ્લિમ મહીલાઓને ભરણપોષણ આપવા માટે નામ.સુપ્રિમ કોર્ટ એ શાહબાનુ કેસને ઉલટાવી તેમની મહીલા વિરોધી માનસિકતાનું નિમ્નસ્તરીય પ્રદર્શન કરેલ હતુ. જેમાં રૂઢીવાદી મુસ્લિમ પુરૂષોના આધિપત્યનો સ્વીકાર કરવાની અનધિકૃત ચેષ્ટા કરવામાં આવેલ હતી. ગુજરાતના પનોતા પુત્ર અને યુગપુરુષ એવા માન.નરેન્દ્રભાઈ પ્રધાનમંત્રી બનતા મુસ્લિમ મહીલાઓની વ્હારે ચડયા હતા. મુસ્લિમ મહીલોને ચણા મમરાની જેમ ત્રણ વાર તલાક બોલીને છુટા છેડા આપવાની ત્રિપલ તલાક આપવાની ક્રૂર મહીલા વિરોધી અને અપમાનજનક લાંછનરૂપ પ્રથાનો અંત લાવવા માટે કમર કસેલી હતી અને સુપ્રીમ કોર્ટમાં મુસ્લિમ મહીલાઓના પક્ષે તલવાર જેવી ધારદાર દલીલો કરાવીને, મુસ્લિમ મહીલાઓ પર લટકતી તલવાર જેવી ત્રિપલ તલાક કે જે મહીલા માટે દોજખ સમાન છે તેવી પ્રણાલીકાનો કાયમી અંત કરીને લાખો મહીલાઓની દુવાઓ મેળવી હતી. આવા સમાજ સુધારણાના ક્રાંતિકારી કદમો ઉઠાવવા માટે છપ્પન ઈંચની છાતી હોવી જરૂરી છે. જે હિંદુ હૃદય સમ્રાટ મોદી સાહેબમાં જોવા મળે છે. જે અગાઉના વામણા પ્રધાનમંત્રીમાં કમનસીબે જોવા મળતી ન હતી.

માન.અધ્યક્ષશ્રી,

કેટલાક બની બેઠેલા ખેડૂત નેતાઓએ તેમના રાજકીય રોટલા શેકવા માટે જગતના તાતના સર્વાંગી અનેં સર્વસમાવેશક વિકાસને ચરીતાર્થ કરવા પડે તેવા ક્રાંતિકારી કૃષિ કાયદાનો ટૂંકી દ્રષ્ટિ તેમજ સંકુચિત મનથી વિરોધ કરીને વિકાસની અનંતકૂચને અટકાવવા માટે હાઈવે પર અડીંગો જમાવેલ હતો. લોકશાહીને વરેલી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે દેશ વિરોધી તત્વોને વિરોધ પ્રદર્શન કરવા માટે ઉદારતાથી છૂટ આપેલ હતી. લગભગ એક વર્ષથી લાંબા સમય ચાલેલ આંદોલનથી દેશની સાંપ્રદાયિક તાકાતને નકારાત્મક અસર થવાની તેમજ તોફાનો થવાની સંભાવના હોવા છતાં આંદોલનકારીઓને બળપૂર્વક આંદોલનની જગ્યા છોડવા માટેની ફરજ પાડવામાં આવેલ ન હતી. આ આંદોલનથી સામાન્ય નાગરીકો, સ્થાનિક રહેવાસીઓ, તેમજ ખાસ કરીને દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સને આંદોલનના કારણે બીજા લાંબા રસ્તેથી હોસ્પિટલો/દવાખાને લઈ જવાની ફરજ પડેલ હતી. સામાન્ય યાતાયાત માલ-સામાનની અવર-જવર પર વિપરીત અસર થયેલ હતી. આ આંદોલનને કારણે સ્થળ પર અપાર ગંદકી થયેલ હતી. જેના પરીણામે આજુ બાજુના રહીશોના સ્વાસ્થ્ય પર નકારાત્મક અને જીવલેણ અસર થઈ હતી.

માન.અધ્યક્ષશ્રી,

સન્માનીય ગૃહને મારે આપના માધ્યમથી એ પણ જણાવવું છે કે કોઈ પણ મુદ્દાના વિરોધ માટે કે કોઈ માંગણી માટે શાંતિ પ્રદર્શન, ધરણાઓ, દેખાવો, રેલીઓ, સભાસરઘસો કાઢવા માટે સક્ષમ સતાની મંજૂરી લેવાની રહે છે. જેમાં આ દેખાવો અહિંસક રહેશે તેમજ કોઈ તોડફોડ નુકશાન નહીં કરવામાં આવે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવતી હોય છે. પરંતુ આવા આંદોલનો/દેખાવો/ધરણાઓમાં અસામાજિક તત્વો આસાનીથી ઘુસી જઈને શાંતિ ભંગ કરાવવાના નિંદનીય કૃત્યો કરવામાં સફળ થાય છે અને પલક ઝપકતા જ આંદોલનકારીઓ પથ્થરબાજી,

પેટ્રોલબોમ્બ, લાઠી, તલવાર, ધારીયા લઈને તોફાનો કરે છે. જેનો ભોગ નિર્દોષ નાગરીકો, ખાનગી માલ-મિલકત, બસ, સ્કૂલ, કચેરી જેવી જાહેર મિલકત ભોગ બને છે. શહેરમાં ફેલાયેલી અફવા અને હિંસાને લીધે શહેર જાણે કણસતું હોય એવું લાગે છે. શાંતિનું કબૂતર સૂમસામ જગ્યાએ બીકનું માર્યુ ફફડતુ રહે છે. જાહેર મિલકત અને ખાનગી મિલકતને કરોડો રૂપિયાનું નુકસાન થાંય છે. શહેરના કેટલાય માણસો તોફાનના કારણે તોફાનોના ખપ્પરમાં હોમાઇ જાય છે. શહેરને પુન: ધબકતું કરવા માટે પોલીસ તેમજ અન્ય તંત્રને રાત દિવસ ખડેપગે તનતોડ મહેનત કરવી પડે છે. જાહેર સ્થળોએ તોફાન, દેખાવો, ધરણા વગેરેને લીધે થયેલ નુકસાન આયોજકો પાસેથી તેમજ પ્રજા પાસેથી વસૂલ કરવા માટે નામ હાઈકોર્ટ અને નામ. સુપ્રિમકોર્ટ દ્વારા અનેક વખત ચૂકાદા આપવામાં આવેલ છે. તેમ છતાં ભારત સરકાર તથા ગુજરાત સરકારે મોટું મન રાખીને આ પ્રકારની કામગીરી કરેલ નથી.

માન.અધ્યક્ષશ્રી,

ભારતની સંસદ દ્વારા સીટીઝન્સ એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૯ પસાર કરવામાં આવ્યો જેનો અમલ તા.૧૦/૦૧/૨૦૨૦ થી કરવાનો હતો. આ કાયદો કોઇપણ ધર્મ, જાતિ કે પ્રાંત વિરોધી ન હતો. માત્ર અનધિકૃત રીતે ભારતના નાગરિક થયેલ હોય તેમની નાગરિકતા પરત લેવા માટે આ કાયદો અમલમાં મુકાયો હતો. જેનો અમુક વિધર્મી જાતિઓ દ્વારા અકારણ વિરોધ કરવામાં આવ્યો અને તેમની જાતિના લોકોને ખોટી રીતે ભરમાવીને ઉશ્કેરવામાં આવ્યા હતા. જેમાં મહિલાઓ, બાળકો અને વૃધ્ધાઓનો હથિયાર તરીકે ઉપયોગ કરીને શાહીનબાગ, નવી દિલ્હી ખાતે લાંબા સમય સુધી ધરણા, દેખાવો, પ્રદર્શનો કરવામાં આવેલ હતા જેમાં વક્તાઓ દ્વારા ભારતના ટુકડા-ટુકડા કરવાની વાત કરવામાં આવી હતી, આમ ટુકડા ગેંગ દ્વારા કબજો કરવામાં આવેલ હતો. ભારત સરકારની ખુલ્લા મને ઉદારતાથી ચર્ચા કરી કાયદામાં જરૂરી સુધારા કરવા ભારત સરકારની સંપૂર્ણ તૈયારી હોવા છતા અને

આંદોલનકારીઓમાં વ્યાપેલ ભેદભરમ દૂર કરવા માટે સંપૂર્ણ પ્રયાસો કરવા છતાં આંદોલનકારીઓ ટસના મસ થયેલ ન હતા. લોકશાહીને વરેલી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે દેશ વિરોધી તત્વોને વિરોધ પ્રદર્શન કરવા માટે ઉદારતાથી છુટ આપેલ હતી. લગભગ એક વર્ષથી લાંબા સમય ચાલેલ આંદોલનથી દેશની સામ્રદાયિક તાકાતને નકારાત્મક અસર થવાની તેમજ તોફાનો થવાની સંભાવના હોવા છતાં આદોલનકારીઓને બળપૂર્વક આંદોલનની જગ્યા છોડવા માટેની ફરજ પાડવામાં આવેલ ન હતી. આ આંદોલનથી સામાન્ય નાગરીકો, સ્થાનિક રહેવાસીઓ, તેમજ ખાસ કરીને દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સને આંદોલનના કારણે બીજા લાંબા રસ્તેથી હોસ્પિટલો/દવાખાને લઈ જવાની ફરજ પડેલ હતી. સામાન્ય યાતાયાત માલ-સામાનની અવર-જવર વિપરીત અસર થયેલ હતી. આ આંદોલનને કારણે સ્થળ પર અપાર ગંદકી થયેલ હતી. જેના પરીણામે આજુ બાજુના રહીશોના સ્વાસ્થ્ય પર નકારાત્મક અને જીવલેણ અસર થઈ હતી.

માન.અધ્યક્ષશ્રી,

સીટીઝન્સ એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૯ નું હાર્દ આત્મસાત કર્યા સિવાય માત્ર સંકુચિત કોમી માનસથી એક્ટ સામેના વિરૂધ્ધના જેહાદી આંદોલનની ઝાળ કમનસીબે ગુજરાત સુધી લંબાયેલ હતી. અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં પણ આંદોલન કારીઓએ કાયદો હાથમાં લઇને અત્યંત હિંસક દેખાવો કરેલા હતા જેમાં ગુજરાતની આન બાન શાન સમાં જવા મર્દ પોલીસ જવાનો પર હિચકારો અને અમાનુષી હુમલો કરવામાં આવેલ હતો. જેના માટે કોઇએ વિરોધનો “વ” પણ ઉચ્ચારેલ ન હતો અને મૂક પ્રેક્ષક બનીને તમાશો જોતા હતા.

માન.અધ્યક્ષશ્રી,

અગાઉની સરકારોમાં અમદાવાદ છાશવારે કોમી તોફાનોની લપેટોમાં ધકેલાઇ જતું હતુ અને કર્ફ્યુની એડી નીચે માનવ જીવન કચડાતું હતું. તીક્ષ્ણ હથિયારોથી સ્ટેબીંગ થવાથી કેટલાયે આશાસ્પદ યુવાનોના જીવનદિપ બુજાઇ જવાથી તેમના માસુમ પરિવારોના જીવનમાં કાયમી અમાસના અંધારા રહેતા હતા. ત્યારે આ આંદોલનોના સમર્થકો, આયોજકો આંદોલન હિંસા વિરૂધ્ધ એક શબ્દ પણ ઉચ્ચારતા ન હતા. આજે પણ આવા તત્વો ગુજરાતની કોમી એકતાના તાંતણા તાર તાર થવા છતાં એક શબ્દ બોલતા નથી તે લોકશાહી અધિકારને લાયક નથી.

માન.અધ્યક્ષશ્રી,

માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દેખાવો, ધરણાઓ, પ્રદર્શનો, રેલીઓ વગેરેને તંદુરસ્ત, પુખ્ત અને પરિપક્વ લોકશાહીનો આંતરીક આત્મા તેમજ આભુષણ માને છે. કેમા કે બંધારણના અનુચ્છેદમાં ભારતના નાગરીકને લોકશાહી ઢબે વિરોધ કરવા માટે મુળભૂત અધિકાર આપે છે. સરકાર સામેના વિરોધને બળપ્રદર્શનથી અટકાવવાથી રાજ્ય સરકારની વૈશ્વિક પ્રતિભા અને ઉદારમતવાદી અભિગમને ખંડીત કરે છે.

માન.અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજ્યે ભારત દેશનું ગ્રોથ એન્જીન છે. અને ગુજરાતે અનેક વખત દેશને દિવાદાંડીની જેમ દોરવણી આપેલ છે. રાજ્યની તમામ સરકારોએ મુડી રોકાણ આકર્ષવા માટે શ્રેણી બધ્ધ પગલાંઓ લીધા છે. જેના લીધે ગુજરાત ઔધોગિક મુડી રોકાણમાં નંબર-૧ નો દરજ્જો પ્રાપ્ત કરી ચુક્યો છે. પ્રતિદિન લાખો કરોડોના વિદેશી મુડી રોકાણ માટે ગુજરાત રાજ્યે રોકાણકારો માટે લાલ જાજમ બીછાવેલ છે. ગુજરાત

રાજ્યની ઔધોગિક શાંતિ, અનુશાસનપ્રિય જનતા, ન્યૂનતમ મજૂર પ્રશ્નો વગેરેને કારણે આપણે દેશ-વિદેશમાંથી મૂડી રોકાણ પ્રાપ્ત કરી શક્યા છીએ. આ ઐતિહાસિક સિધ્ધી આપણી ઉદારતા કાયદાનુ શાસન, ગુનેગારોને ઉગતા ડામવાની નીતિ વગેરે બાબતોને કારણે મેળવી શક્યા છીએ.

માન.અધ્યક્ષશ્રી,

માન.ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજીના બિનસરકારી વિધેયકને સમર્થન આપી બંધારણીય મૂળભૂત અધિકારોની જોગવાઈને અતિક્રમીને ગૃહમાં પસાર કરીએ તો આપણી છાપ સંકુચિત, સંકીર્ણ, વિકાસ વિરોધી થવાની સંભાવના રહેલ છે. જેની અસર સમગ્ર વિશ્વમાં નકારાત્મક થવાથી ગુજરાત વિરોધી તત્વોને ગુજરાત વિરુધ્ધ આંદોલન છેડવાનું હથિયાર મેળવવાની સંભાવના રહેલી છે. જે આપણા રાજ્યની વિકાસકૂચ આગળ બમ્પ થઈ જવાની શક્યતા રહેલી છે. તદુપરાંત હાલના ક્રીમીનલ પ્રોસીજર કોડ તેમજ નવા આવનાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩માં સ્થાનિક પરિસ્થિતિનું આકલન કરી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પ્રતિબંધાત્મક આદેશો અસ્થાયીરૂપે બહાર પાડવાની જોગવાઇ છે. આમ હાલના કાયદામાં આ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. જ્યારે માન.ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડા ઉત્સાહના અતિરેકમાં લોકશાહીના ધબકતા હાર્દ સમાન દેખાવ, ધરણાઓ, પ્રદર્શનો, રેલીઓ, સભાસરઘસો પર કાયમી પ્રતિબંધ મુકવાની કાયદાકીય જોગવાઇ લઇને આવ્યા છે. જેનો સ્વીકાર કરવાના કારણે લોકશાહીનો અર્થ પરાસ્ત થવાની સંભાવના રહેલ છે. જેથી માન.ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડાના જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મુકવા બાબતનું બિનસરકારી વિધેયક ક્રમાંક:૮ સન ૨૦૨૩નું રાજ્ય સરકાર કોઇપણ પ્રકારે સમર્થન કરે તે ન્યાયોચિત જણાતું નથી. કેમ કે બીબીસી

જેવી ભારત વિરોધી પ્રસારણ સંસ્થાઓને ભારતનો વિરોધ કરવાનું બળ મળી શકે છે.

માન.અધ્યક્ષશ્રી,

સન્માનીય ગૃહના માન.ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડાના જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મુકવા બાબતનું બિનસરકારી વિધેયક ક્રમાંક:૮ સન ૨૦૨૩ લાવ્યા છે જે અંગે મેં તથ્યો આધારિત વિશદ છણાવટ કરી છે જે ધ્યાને લઇને માન.ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડાને બિનસરકારી વિધેયક પરત ખેંચવા સભાગૃહ વતી હાર્દિક અનુરોધ કરું છું. અન્યથા ચર્ચાના અંતે આ વિધેયક ધ્વનિ મત માટે રજુ કરવામાં આવે તેવી આપને વિનંતી કરુ છું.

Extra No. 8

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXIV ]** **FRIDAY, MARCH 3, 2023 / PHALGUNA 12, 1944**

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

**PART V**

**Bills introduced in the Gujarat Legislative Assembly**

The Following Bill Which Was introduced on the 3rd March, 2023 by Shri Punamchand C. Baranda, M.L.A. is published under rule 127-A of the Gujarat Legislative Assembly Rules for general information.

**THE GUJARAT PROHIBITION ON HOLDING PROTEST IN A PUBLIC PLACES BILL, 2023**

**GUJARAT BILL NO. 8 OF 2023.**

*A BILL*

*to provide for prohibition on holding protest in a public places where it leads to obstruction of public Movement in the State of Gujarat and matters connected therewith.*

It is hereby enacted in the Seventy fourth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Prohibition on holding protest in a Public Places Act, 2023. **Short title and extent.**

(2) It shall extend to the whole of the State of Gujarat.

**Definitions.**

**2.** In this Act, unless the context otherwise requires -

(1) "Government" means the State Government of Gujarat;

(2) "Public Places" means any place which is open to use and enjoyment of the public whether it is actually used or enjoyed by the public or not and includes a road, street, market, or way whether thoroughfare or not and landing place to which public have a right to pass or generally used by public at large for the purpose of free movement.

**Prohibition on holding protest in a public place.**

**3.** (1) There shall be prohibition on holding protest and agitation in a public place where it may lead to obstruction of the public movement, blocking of road providing connectivity and create law and order problem.

(2) Any individual or organizer of a protest of public at large before holding protest at any place shall ascertain the detailed, comprehensive and exhaustive guidelines relating to prohibition for holding protest and agitations leading to obstruction of public movement.

(3) The Government shall from time to time notify the places where such prohibition is declared and shall also make publicity of such places through print media.

(4) It shall be lawful for the police authority or other forces deployed by the Government to remove protestor from such public places who are in breach of the provisions of this Act.

**Issuance of guidelines.**

**4.** The Government shall lay down comprehensive and exhaustive guidelines relating to prohibition for holding protest and agitations leading to obstruction of movement.

**Punishment.**

**5.** Whoever commits any mischief by doing any act in contravention of the provisions of this Act including damage or loss to property at public places and doing any act which renders any public road, bridge impassable or unsafe for movement shall be punished with imprisonment for a term not exceeding three months or with a fine up to rupees twenty thousand or both.

**Trial of offences.**

**6.** All offences under this Act shall be summary trialed by a Court of Chief Metropolitan Magistrate.

**Provisions of the Act not in derogation.**

**7.** The provisions of this Act shall be in addition to and not in derogation of any other law for the time being in force.

**Power to make rules.**

**8.** The Government may, by notification in the *Official Gazette,* makes rules to carry out purposes of this Act.

**STATEMENT OF OBJECTS AND REASONS**

Incidents of protest in public places are increasing day by day. Employees, Students and public at large while protesting for their rights, sometimes take law and order in their hands and leader of organization of such people also encourages unauthorized means for demonstration in public places. Hence it is necessary to have total prohibition of protest in a public places where it may lead to obstruction of public movement. It is also necessary to lay down comprehensive and exhaustive guidelines relating to complete restriction for holding protest and agitations leading to obstruction of public movement. Hence it is considered necessary to enact a law on the subject.

Hence this Bill.

**Gandhinagar,**
**Dated the 7th February, 2023.**

**PUNAMCHAND C. BARANDA,**
**M. L. A.**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

This bill involves delegation of legislative powers in the following respect, namely:-

Clause 4 of the Bill empowers the State Government to frame and to issue guidelines for Prohibition on Holding Protest in a Public Places.

Clause 8 of the Bill empowers the State Government to prescribe by rules for the purpose of carrying out the objects of the Act.

The delegation of legislative powers as proposed is necessary and is of a normal character.

**Gandhinagar,**
**Dated the 7th February, 2023.**

**PUNAMCHAND C. BARANDA,**
**M. L. A.**

**Dated the 3rd March, 2023**
**Gandhinagar.**

**D. M. PATEL,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

---

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.03.07 14:53:23 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Government Central Press, Gandhinagar.

D

**Bill to be introduced, not to be published before introduction.**
વિધાનસભામાં દાખલ કરવાનું વિધેયક, દાખલ થયા પહેલાં તે પ્રસિદ્ધ કરવું નહિ.

**GUJARAT BILL NO.      OF 2023.**

**THE GUJARAT PROHIBITION ON HOLDING PROTEST IN A PUBLIC PLACES BILL, 2023.**

***A BILL***

*to provide for prohibition on holding protest in a public places where it leads to obstruction of public Movement in the State of Gujarat and matters connected therewith.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક:      .**

**ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૨૩.**

*ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,- વ્યાખ્યા.

(૧) "સરકાર" એટલે ગુજરાતની રાજ્ય સરકાર;

(૨) "જાહેર સ્થળો" એટલે એવું કોઇ સ્થળ જેને લોકોના આનંદ માટે ઉપયોગ કરવા ખુલ્લું મૂકવામાં આવ્યું હોય, પછી તેનો લોકો દ્વારા ખરેખર ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અથવા ન આવતો હોય અને તેમાં રસ્તો, શેરી, બજાર અથવા સાર્વજનિક માર્ગ હોય અથવા ન હોય તેવા માર્ગ અને ઉતરાણનું સ્થળ જ્યાંથી લોકોને પસાર થવાનો હક હોય અથવા સામાન્ય રીતે મોટા પ્રમાણમાં લોકો દ્વારા મુક્ત હેરફેર (પ્રવૃત્તિ) કરવાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય તેવા સ્થળોનો સમાવેશ થાય છે;

જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ બાબત.

૩. (૧) જાહેર સ્થળોએ, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં, જોડાણ પૂરૂં પાડતા રસ્તાની નાકાબંધી અવરોધ ઊભો કરતાં અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમસ્યા ઊભી કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા પર પ્રતિબંધ મૂકવો જોઇશે.

(૨) મોટા પ્રમાણમાં લોકોનો વિરોધ પ્રદર્શન કરતી કોઇ વ્યક્તિ અથવા આયોજકે, કોઇ સ્થળે વિરોધ પ્રદર્શન કરતાં પહેલાં, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતા વિરોધ પ્રદર્શન અને આંદોલન કરવા પર પ્રતિબંધ મૂકવાને લગતી વિગતવાર, સર્વગ્રાહી અને વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ અંગે ખાતરી કરવી જોઇશે.

(૩) સરકારે, વખતોવખત, આવા પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યા હોય તેવા સ્થળો નિર્દિષ્ટ કરવા જોઇશે અને મુદ્રણ માધ્યમ (પ્રિન્ટ મિડિયા) દ્વારા આવા સ્થળો જાહેર પણ કરવા જોઇશે.

(૪) પોલીસ સત્તાધિકારી અથવા સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા અન્ય દળો માટે, આ અધિનિયમની જોગવાઈઓનો ભંગ કરી રહેલા વિરોધીઓને આવા જાહેર સ્થળોએથી દૂર કરવા કાયદેસર રહેશે.

માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત.

૪. સરકારે જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા માટે પ્રતિબંધ મૂકવાને લગતી સર્વગ્રાહી અને વિસ્તૃત સૂચનાઓ ઠરાવવી જોઇશે.

શિક્ષા.

૫. જાહેર સ્થળોએ મિલકતની તોડફોડ કરવા અથવા તેને નુકસાન પહોંચાડવા સહિત અને કોઇ જાહેર રસ્તા, પુલને પસાર થઇ ન શકાય તેવા અથવા હેરફેર (જાહેર પ્રવૃત્તિ) માટે અસુરક્ષિત કરે એવા, આ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરેલા કોઇ કૃત્યથી ઉપદ્રવ કરે તેવી કોઇ વ્યક્તિને, ત્રણ મહિનાથી વધુ

નહિ તેટલી મુદત સુધીની કેદની અથવા વીસ હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવી જોઇશે.

૬. આ અધિનિયમ હેઠળના તમામ ગુનાની સંક્ષિપ્ત અદાલતી કાર્યવાહી, ચિફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટે કરવી જોઇશે. ગુનાની અદાલતી કાર્યવાહી.

૭. આ અધિનિમયની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજાં કોઇ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ. અધિનિયમની જોગવાઇઓથી બીજા કોઇ કાયદાનું અલ્પીકરણ થશે નહિ.

૮. સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

## ઉદ્દેશો અને કારણો

જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શનના બનાવો દિન પ્રતિદિન વધતાં જાય છે. કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને બહોળા પ્રમાણમાં લોકો પોતાના હકો માટે વિરોધ કરતી વખતે, કાયદો અને વ્યવસ્થા ક્યારેક પોતાના હાથમાં લઇ લે છે અને આવા લોકોના સંગઠનોના આગેવાનો પણ જાહેર સ્થળોએ દેખાવો માટે અનધિકૃત માધ્યમોને પ્રોત્સાહન આપે છે. આથી, જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરી શકે તેવા જાહેર સ્થળોએ કરવામાં આવતા વિરોધ પ્રદર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જરૂરી છે. જાહેર પ્રવૃત્તિમાં અવરોધ ઊભો કરતાં વિરોધ પ્રદર્શનો અને આંદોલન કરવા પર સંપૂર્ણ નિયંત્રણ મૂકવાને લગતી સર્વગ્રાહી અને વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ ઠરાવવી પણ જરૂરી છે. આથી, આ વિષય પર કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, આ વિધેયક.

ગાંધીનગર — પુનમચંદ સી. બરંડા,

તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩. — વિ.સ.સ.

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

વિધેયકની કલમ ૪થી, રાજ્ય સરકારને, જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા માટે માર્ગદર્શક સૂચનાઓ ઘડવાની અને બહાર પાડવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૮થી, રાજ્ય સરકારને, અધિનિયમના ઉદ્દેશો પાર પાડવાના હેતુ માટે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર — પુનમચંદ સી. બરંડા,

તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩. — વિ.સ.સ.

ટોચ અગ્રતા

# GOVERNMENT OF GUJARAT

ગુજરાત સરકાર

ક્રમાંક: ૪૮/૨૦૨૩/૨૭ /અ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
૪/૪,સરદારભવન,સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦,
ટે.નં.૦૭૯૨૩૨૫૦૯૬૫.
તારીખ. ૩/૨/૨૪

सत्यमेव जयते

સી.જે. ગોઠી
સચિવ

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય:- બિન સરકારી વિધેયક સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક:૮ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મુકવા બાબત વિધેયક, સભ્યશ્રી પુનમચંડ બરંડા.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, બિન-સરકારી વિધેયક ગૃહમાં દાખલ થયા બાદ વિધાનસભા સચિવાલય દ્વારા તેનું બેલેટ તૈયાર કરવામાં આવે છે અને આ બેલેટમાં નક્કી થયેલ અગ્રતાક્રમ પ્રમાણે બિન-સરકારી વિધેયક તે અંગે ફાળવેલ દિવસોમાં કામકાજની યાદી પ્રમાણે વિધાનસભાગૃહમાં હાથ પર લેવામાં આવે છે.

પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથામાં સત્રમાં બિન-સરકારી વિધેયકોનું બેલેટ તારીખ ૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ અને તેમાં ઉક્ત વિધેયકનો <u>અગ્રતાક્રમ-૩</u> દર્શાવવામાં આવેલ છે. સભાઓની તારીખવાર યાદી મુજબ બિન-સરકારી વિધેયક માટે તારીખ ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરૂવાર નિયત થયેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ-૧૭(૫) મુજબ ફક્ત ચાર વિધેયકો દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવે છે અને તેમાંથી <u>પ્રથમ ત્રણ બિન-સરકારી વિધેયકો વિધાનસભા ગૃહમાં ચર્ચામાં લેવામાં આવે છે. જો કોઈ એક વિધેયક કોઈપણ કારણોસર હાથ ધરવામાં ન આવે તો ચોથા ક્રમે દર્શાવેલ બિન-સરકારી વિધેયક ચર્ચા માટે</u> હાથ પર લેવામાં આવે છે.

ગુજરાત સરકારના કામકાજના નિયમોની બીજી અનુસૂચિની એન્ટ્રી ક્રમાંક:૮ મુજબ બિન-સરકારી વિધેયક અંગે સરકારનું વલણ નક્કી કરવા માટે મંત્રીમંડળ સમક્ષ રજૂ કરવાનું રહે છે.

આથી ઉપરોક્ત બિન-સરકારી વિધેયક અંગે સરકારનું વલણ નક્કી કરવા માટેની નોંધ તૈયાર કરી આ વિભાગના તા.૧૫/૭/૧૯૯૮ના પરિપત્રથી બહાર પડાયેલ સૂચનાઓને ધ્યાનમાં લઈ મંત્રીમંડળની વિચારણા માટે તાત્કાલિક મુકવા વિનંતી છે.

JS (LRO) ને ... આપેલ છે.

SB-I

આપનો વિશ્વાસુ,

(સી.જે. ગોઠી)
સચિવ
(સંસદીય બાબતો)

નકલ રવાના:- કેબિનેટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## શનિવાર, તા.૩જી ફેબ્રુઆરી, ૨૦૨૪

## ૧૦૪. બિન-સરકારી વિધેયકોના બેલટનું પરિણામ

પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બિન-સરકારી વિધેયકોનો અગ્રતાક્રમ નકકી કરવા માટે શુક્રવાર, તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ યોજવામાં આવેલ બેલટનું પરિણામ નીચે મુજબ આવ્યું છે.

૧. માનનીય સભ્યશ્રી અમીત શાહનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક.

૨. માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક.

૩. માનનીય સભ્યશ્રી પુનમચંદ બરંડાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક.

૪. માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક.

૫. માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી.એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

E

ખાનગી

ગૃહ વિભાગ/વિશેષ-૧

મંત્રી મંડળની વિચારણા માટેની નોંધ

વિષય: બિન સરકારી વિધેયક ક્રમાંક:૦૮

માન. ધારાસભ્યશ્રી પુનમચંદ સી. બરંડા, (ભિલોડા)

ગુજરાત રાજ્યમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા બાબત.

ગુજરાત રાજ્યમાં હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને શાંતિ અને સલામતીની જાળવણી માટે સંપૂર્ણ પ્રતિબધ્ધ છે. ગુજરાત સરકારની દરેક વર્ગના લોકો માટેની નીતિ અને કલ્યાણકારી યોજનાઓના કારણે રાજ્યમાં કોઈપણ આંદોલન થયેલ નથી.

ભારતના બંધારણના ભાગ-૩માં અનુચ્છેદ-૧૯ મુજબ ભારતના નાગરિકોને સ્વાતંત્ર્યના હક સંદર્ભે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૯. (૧) સર્વ નાગરિકોને –

(ક) વાણી અને અભિવ્યકિતના સ્વાતંત્ર્યનો;

(ખ) શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનો:

(ગ) મંડળો અથવા સંઘો રચવાનો ;

(ઘ) ભારતના રાજ્યક્ષેત્રમાં સર્વત્ર મુકતપણે ફરવાનો

(ચ) ભારતના રાજ્યક્ષેત્રના ગમે તે ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો .

(છ) રદ કરવામાં આવેલ છે.(મિલ્કત અંગેનો અધિકાર)

(જ) ગમે તે વ્યવસાય કરવાનો અથવા ગમે તે કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનો, હક રહેશે.

આ અનુચ્છેદની (ક) વાણી અને અભિવ્યકિતના સ્વાતંત્ર્યનો તથા (ખ) શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનો ભારતના નાગરિકોને મૂળભૂત અધિકાર આપવામાં આવેલ છે. જેને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય નહી.

આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની સિવિલ અપીલ નં. ૩૨૮૨/૨૦૨૦માં તા.૦૭.૧૦.૨૦૨૦ના હુકમમાં નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

***16. India, as we know it today, traces its foundation back to when the seeds of protest during our freedom struggle were sown deep, to eventually flower into a democracy. What must be kept in mind, however, is that the erstwhile mode and manner of dissent against colonial rule cannot be equated with dissent in a self-ruled democracy. Our Constitutional scheme comes with the right to protest and express dissent, but with an obligation towards certain duties. Article 19, one of the cornerstones of the Constitution of India, confers upon its citizens two treasured rights, i.e., the right to freedom of speech and expression under Article 19(1)(a) and the right to assemble peacefully without arms under Article 19(1)(b). These rights, in cohesion, enable every citizen to assemble peacefully and protest against the actions or inactions of the***

*State. The same must be respected and encouraged by the State, for the strength of a democracy such as ours lies in the same. These rights are subject to reasonable restrictions, which, inter alia, pertain to the interests of the sovereignty and integrity of India and public order, and to the regulation by the concerned police authorities in this regard. Additionally, as was discussed in the Mazdoor Kisan Shakti Sangathan case, each fundamental right, be it of an individual or of a class, does not exist in isolation and has to be balanced with every other contrasting right. It was in this respect, that in this case, an attempt was made by us to reach a solution where the rights of protestors were to be balanced with that of commuters.*

જે મુજબ મૂળભૂત અધિકારોનું રક્ષણ રાજયએ કરવાનું રહે છે. તેમાં **નીચેના પારા ૧૮ તથા પારા ૧૯માં** એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે જાહેર સ્થળોએ કોઈપણ દેખાવો અનિશ્ચિત સમય સુધી કરી શકાય નહી.

*18. Furthermore, we live in the age of technology and the internet where social movements around the world have swiftly integrated digital connectivity into their toolkit; be it for organising, publicity or effective communication. Technology, however, in a near paradoxical manner, works to both empower digitally fuelled movements and at the same time, contributes to their apparent weaknesses. The ability to scale up quickly, for example, using digital infrastructure has empowered movements to embrace their often-leaderless aspirations and evade usual restrictions of censorship; however, the flip side to this is that social media channels are often fraught with danger and can lead to the creation of highly polarised environments, which often see parallel conversations running with no constructive outcome evident. Both these scenarios were witnessed in Shaheen Bagh, which started out as a protest against the Citizenship Amendment Act, gained momentum across cities to become a movement of solidarity for the women and their cause, but came with its fair share of chinks - as has been opined by the interlocutors and caused inconvenience of commuters.*

*19. We have, thus, no hesitation in concluding that such kind of occupation of public ways, whether at the site in question or anywhere else for protests is not acceptable and the administration ought to take action to keep the areas clear of encroachments or obstructions.*

આ બાબતે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ – ૧૪૪ હેઠળ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭ હેઠળ પ્રતિબંધિત આદેશો કરી શકે છે. જે સંદર્ભે પ્રતિબંધાત્મક હુકમો કરી જાહેર સ્થળો પર દેખાવોને અટકાવી શકાય છે.

ઉપરોક્ત તમામ વિગતો તથા સી.આર.પી.સી. કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ ૩૬ તથા ૩૭ની જોગવાઇ ધ્યાને લેતાં જાહેર સ્થળો પર જનતા દ્વારા દેખાવો કરવાની વધતી ઘટનાઓથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વિરોધ પ્રદર્શન અને આંદોલન પર સંપૂર્ણ પ્રતિબંધ લાવવા અંગેના બિન–સરકારી વિધેયકનો અસ્વીકાર કરીએ.

6/12/24

(હર્ષિત પી ગોસાવી)
સંયુક્ત સચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ

F

માનનીય ધારાસભ્યશ્રીનું ઉદબોધન -૧

માનનીય અધ્યક્ષશ્રી,

અમારા સાથી ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડા ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે બિનસરકારી વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે. માનનીય બરંડાજીનો ઉદ્દેશ્ય ઉત્તમ છે,

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજીએ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ બિનસરકારી વિધેયક ક્રમાંક ૦૮/૨૦૨૩ સંદર્ભે હું મારા વિચારો/મંતવ્યો સન્માનનીય ગૃહ સમક્ષ આપના માધ્યમ મારફતે વ્યકત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

રોજબરોજ છાશવારે ભારત બંધ, ગુજરાત બંધના એલાનો આપવામાં આવે છે. જેના કારણે રોજેરોજની રોજગારી અને પેટીયું રળતા લારીવાળા, રિક્ષાવાળા, ફેરીયાઓ, દુધવાળા, મજૂરો વગેરે ગરીબી રેખા હેઠળ જીવતાં આમ આદમી તેમની રોજગારી ગુમાવે છે, જેના કારણે તેમના ઘરના ચુલા સળગતા નથી અને તેઓને પાણી પીને ભુખ્યા પેટે સુઇ જવું પડે છે. આમ, દેખાવો, પ્રદર્શનો, ધરણાઓ, રેલીઓ સમાજ માટે સામાન્ય પ્રજાજનો માટે યાતનામય બની જાય છે. અલબત્ત રાજયના કેટલીક બાબતો, પ્રશ્નો, સમસ્યાઓને વાચા આપવા માટે પ્રદર્શન, દેખાવો, ધરણા, રેલીઓ વગેરે માત્ર આવશ્યક નથી, પરંતુ અનિવાર્ય પણ બની રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણો દેશ એક સમયે અંગ્રેજોની ગુલામીની ધૂસરી હેઠળ કણસતો હતો. તે સમયે અંગ્રેજોની સત્તા સામે બળવો કરીને આઝાદી મેળવવાની આહલેક ધરણાઓ, પ્રદર્શનો, રેલીઓ,પીકેટીંગ વગેરે માધ્યમોથી કરવામાં આવેલ હતી. દેશના હજારો

દૂધમલિયા દિકરાઓએ અંગ્રેજોની બર્બરતા, ક્રુરતા અને અમાનુષી ત્રાસ સહન કરીને, શહાદત વહોરેલ હતી. જેના પરીણામે આપણને અમુલ્ય કહી શકાય તેવી આઝાદી પંદરમી ઓગસ્ટની મધરાતે એટલે કે ફ્રીડમ એટ મીડનાઇટ મળેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પરીપ્રેક્ષ્યમાં નામ. સુપ્રિમ કોર્ટે સીવીલ અપીલ નં.૩૨૮૨/૨૦૨૦ના કેસમાં તા.૦૭.૧૦.૨૦૨૦ના હુકમમાં આ મુજબ ઉલ્લેખ કરેલ.

તદનુસાર આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દેખાવોના બીજ મારફતે લોકશાહીનું પુષ્પ ખીલ્યુ હતું. તેમજ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા બંધારણની કલમ - ૧૯ હેઠળ મળતા મૂળભૂત અધિકારોની વિગતવાર, વિસ્તૃત અને તલસ્પર્શી સમીક્ષા કરીને એ પણ કહેવામાં આવ્યુ હતું કે દેખાવકારોના દેખાવ પ્રદર્શનના હક પર તરાપ મારવાનો પ્રયત્ન વ્યાજબી બી નથી અને તેના પર નિયંત્રણ મુકવાના પ્રયાસો કરવા જોઇએ નહી.

માનનીય અધ્યક્ષશ્રી,

આ વિધેયકની જોગવાઇઓ નીચે મુજબ છે.

➢ કલમ-૨માં દર્શાવ્યા અનુસાર જાહેર સ્થળો એટલે લોકોના આનંદ માટે ઉપયોગ કરવા ખુલ્લું મૂકવામાં આવ્યું હોય, પછી તેનો લોકો દ્વારા ખરેખર ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અથવા ન આવતો હોય અને તેમાં રસ્તો, શેરી, બજાર અથવા સાર્વજનિક માર્ગ હોય અથવા ન હોય તેવા માર્ગ અને ઉતરાણનું સ્થળ જ્યાંથી લોકોને પસાર થવાનો હક હોય અથવા સામાન્ય રીતે મોટા પ્રમાણમાં લોકો દ્વારા મુક્ત હેરફેર (પ્રવૃત્તિ) કરવાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતા હોય તેવા સ્થળોનો સમાવેશ થાય છે;

- કલમ-૩માં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.
- કલમ-૫માં જાહેર સ્થળોએ મિલ્કતની તોડફોડ અથવા નુકસાન પહોંચાડવા માટે ત્રણ મહિના સુધીની સજા અથવા રૂપિયા વીસ હજાર સુધીનો દંડ અથવા બન્ને શિક્ષા કરવાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.
- કલમ-૬માં ગુનાની અદાલતી કાર્યવાહી સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય ધારાસભ્યશ્રી બરંડાજીએ રજૂ કરેલ બિનસરકારી વિધેયક દેખાવો, પ્રદર્શનો, ધરણાઓ વગેરેના આયોજન દરમિયાન જાહેર અને ખાનગી મિલ્કતોની તોડફોડ, હિંસા, આગજની વગેરે રોકવા માટે પ્રથમ દ્રષ્ટીએ રામબાણ ઇલાજ લાગે છે. પરંતુ આજનો જમાનો વૈશ્વિક જમાનો છે. જી-૨૦ સમીટ માટે આપણે વસુધૈવ કુટુંબકમનું સુત્ર જાહેર કરેલ. આજે વિશ્વમાં કોઇપણ ઘટના બને તેના અનેક દેશોમાં પ્રતિભાવ પડતા હોય છે તેમજ જે તે દેશમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી, ઔદ્યોગિક સલામતી, શાંતિ, ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસના આધારે ઔદ્યોગિક મૂડી રોકાણો આવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ, ટેસ્લા કંપનીના સી.ઇ.ઓ. ઇલોન મસ્ક વગેરે ઉદ્યોગપતિઓ અફઘાનિસ્તાનમાં લાખો-કરોડો ડોલરના મૂડી રોકાણ કરશે નહી કેમ કે ત્યાં સંકુચિતતા, ધાર્મિક ઉન્માદ, કાયદો અને વ્યવસ્થાનો અભાવ, આંતરમાળખાકીય સુવિધાઓનો અભાવ, મહિલાઓ પ્રત્યે ભેદભાવ જેવા કારણોને લીધે મૂડી રોકાણ માટેની આદર્શ અને ઇચ્છનીય પરિસ્થિતી વિદ્યમાન ન હોઇ કોઇપણ કોઠાસૂઝ ધરાવતો રોકાણકાર તેના નાણાં વેડફશે નહી. આમ એક અવિચારી પગલાના લીધે રાજય અને રાષ્ટ્રની પ્રતિભા અને પ્રતિમાને અસાધ્ય નુકસાન થાય

છે. જેની મરામત્ત દ્વારા ભરપાઇ કરી શકાતી નથી અને વિકાસની ગાડી આડા પાટે ઉતરી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

કેન્દ્રમાં અને રાજયમાં સતત વિકાસને વરેલી ડબલ એન્જીનની સરકાર છે. આ સરકાર પ્રજાજનોને શાંતિપૂર્ણ તથા લોકશાહી ઢબે પ્રદર્શનો, દેખાવો, રેલીઓ, આંદોલનો, ધરણાઓ, ઉપવાસ વગેરે કરવાની મુક્ત મને આઝાદી આપે છે. ખેડૂત કાયદાઓ અને સીટીઝનશીપ એમેન્ડમેન્ટ વિધેયક, ૨૦૧૭ સામેના શાંતિપૂર્ણ દેખાવો સામે કેન્દ્ર સરકારે ક્યારેય કડકાઇ દાખવીને પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહી હાથ ધરેલ નથી. જે ધ્યાને લેતાં નાગરિકોના વિરોધ કરવાના મૂળભૂત અધિકારને સરકાર છીનવવા પણ માંગતી નથી. જેથી પ્રસ્તુત વિધેયકને હું સમર્થન કરતો નથી અને માનનીય ધારાસભ્યશ્રી પૂનમચંદજી બરંડાએ રજૂ કરેલ બિન સરકારી વિધેયક ક્રમાંક :૦૮/૨૦૨૩ ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા બાબત વિધેયક - ૨૦૨૩ને પરત ખેંચવા માટે માનનીય ધારાસભ્યશ્રી પૂનમચંદજી બરંડાને હાર્દિક અનુરોધ કરું છું.

માનનીય ધારાસભ્યશ્રીનું ઉદબોધન -૨

માનનીય અધ્યક્ષશ્રી,

અમારા સાથી ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડાની ધારાસભ્ય તરીકેની પ્રથમ ટર્મ છે. માનનીય ધારાસભ્યશ્રી પુનમચંદજી ગૃહ વિભાગના નિવૃત પોલીસ અધિકારી છે. ધારાસભ્ય તરીકે કશુંક કરી છૂટવાની અદભુત તમન્ના ધરાવે છે. શ્રી પુનમચંદજી બરંડા ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે બિનસરકારી વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજીએ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ બિનસરકારી વિધેયક ક્રમાંક ૦૮/૨૦૨૩ સંદર્ભે હું મારા વિચારો/મંતવ્યો સન્માનનીય ગૃહ સમક્ષ આપના માધ્યમ મારફતે વ્યકત કરુ છુ.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી ભારતીય જનતા પાર્ટી જયારે સત્તા પક્ષમાં ન હતી ત્યારે અમે જનતા જનાર્દનના પ્રશ્નો, સમસ્યાઓ મુદ્દાઓ અંગે અવાર-નવાર લોકશાહી ઢબે શાંતિપૂર્ણ રીતે અસરકારક અને પરીણામ લક્ષી પ્રદર્શનો-ધરણાઓ રેલીઓ, ઉપવાસ-આંદોલન કરેલ હતાં. પ્રજાના પ્રશ્નો હલ કરવા માટે અમારા કાર્યકરોએ પોલીસની લાઠીઓ પણ ખાધેલી છે, અને જેલવાસ પણ ભોગવેલ છે. જેના પરીણામે અમારા સંસદ સભ્યોની સંખ્યા માત્ર બે હતી, જે વધીને ૩૫૦ જેટલી થયેલ છે અને આગામી ચૂંટણીમાં ૪૦૦ બેઠકો થવાની છે. ગુજરાતના પનોતા પુત્ર અને હાલના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સતત ત્રીજી ટર્મ માટે પ્રચંડ લોકપ્રિયતાથી સરકાર રચનાર છે. ગુજરાત રાજયની સાડા છ કરોડ જનતાએ અમને પ્રચંડ સમર્થન આપીને ૨૫ કરતાં વધુ વર્ષથી શાસનની ધુરા સોંપેલ છે. જનતા

જનાર્દને અમારા પર મુકેલ વિશ્વાસ અને શ્રધ્ધાને સાકાર કરવા માટે અમે લોહીના છેલ્લા ટીપાં સુધી કટીબધ્ધ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણા ભારતના બંધારણના ઘડવૈયાઓએ જગતના બંધારણની ઉત્તમોત્તમ જોગવાઈઓ પર મંથન કરીને બંધારણનું નિર્માણ કર્યું છે. જેમાં ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર વગેરેની સ્પષ્ટ જોગવાઇઓ કરવામાં આવેલ છે. દેશના નાગરિકોને કેવા પ્રકારના મુળભૂત અધિકારો આપવા જોઇએ તે અંગે પણ વિગતવાર જોગવાઇઓ કરવામાં આવી છે. ભારતના બંધારણના ભાગ-૩માં અનુચ્છેદ-૧૯ મુજબ ભારતના નાગરિકોને સ્વાતંત્ર્યના હક સંદર્ભે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૯. (૧) સર્વ નાગરિકોને –

(ક) વાણી અને અભિવ્યકિતના સ્વાતંત્ર્યનો;

(ખ) શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનો:

(ગ) મંડળો અથવા સંઘો રચવાનો ;

(ઘ) ભારતના રાજયક્ષેત્રમાં સર્વત્ર મુકતપણે ફરવાનો

(ચ) ભારતના રાજયક્ષેત્રના ગમે તે ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો

.

(છ) રદ કરવામાં આવેલ છે. (મિલ્કત અંગેનો અધિકાર)

(જ) ગમે તે વ્યવસાય કરવાનો અથવા ગમે તે કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનો, હક રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતના બંધારણના અનુચ્છેદ-૧૯થી આપવામાં આવેલ મૂળભૂત અધિકારોના ભંગ બદલ નાગરિકોને મેન્ડેમસ રીટ, હેબીયસ કોર્પસ, ક્વો-વોરંટો વગેરે પ્રકારના બંધારણીય ઉપચારો આપવામાં આવેલ છે. આમ આપણા બંધારણના ઘડવૈયાઓએ મૂળભૂત અધિકારો તથા મૂળભૂત અધિકારોના હનનના કિસ્સામાં યોગ્ય અને ઝડપી બંધારણીય ઇલાજો પણ આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી

ભારતના નાગરિકોને પ્રદર્શન કરવાનો હક્ક ભારતના બંધારણ દ્વારા આપવામાં આવેલ છે. જેથી આ અંગે પ્રતિબંધિત જોગવાઈ થઈ શકે. પરંતુ, હાલમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને, આ અંગેની કોઈ જરૂરિયાત જણાતી નથી. જેથી, માનનીય ધારાસભ્યશ્રી પૂનમચંદજી બરંડાએ રજૂ કરેલ બિન સરકારી વિધેયક ક્રમાંક :૦૮/૨૦૨૩ ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા બાબત વિધેયક ૨૦૨૩ને હું સમર્થન આપી શકતો નથી. હું સન્માનનીય સભાગૃહ સમક્ષ આપના માધ્યમથી માનનીય ધારાસભ્યશ્રી પૂનમચંદજી બરંડાને તેઓનું આ બિનસરકારી વિધેયક પરત ખેંચવા માટે હાર્દિક અનુરોધ કરું છુ.

માનનીય ધારાસભ્યશ્રીનું ઉદબોધન - ૩

માનનીય અધ્યક્ષશ્રી,

અમારા સાથી ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડા ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે બિનસરકારી વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજીએ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ બિનસરકારી વિધેયક ક્રમાંક ૦૮/૨૦૨૩ સંદર્ભે હું મારા વિચારો/મંતવ્યો સન્માનનીય ગૃહ સમક્ષ આપના માધ્યમ મારફતે રજૂ કરુ છુ.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતીય બંધારણમાં મૂળભૂત હક્કોની જોગવાઇ છે. આ હક્કોમાં પોતાની લાગણીઓ/માંગણીઓ શાંતિ રાહે રજૂ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વિરોધ પ્રદર્શન બે રીતે કરી શકાય, એક હકારાત્મક અને બીજું નકારાત્મક. ફેકટરીમાં કામ કરતા શ્રમજીવો દ્વારા પોતાની માંગણી માટે વિરોધ પ્રદર્શન કરવા ફેકટરીને તાળાબંધી પણ કરી શકાય સાથોસાથ આ શ્રમજીવો ફેકટરીમાં વધુ બે કલાક સ્વેચ્છાએ રોકાઇને વધુ ઉત્પાદન કરીને, પોતાનો વિરોધ વ્યક્ત કરી શકે. નાગરિકોને આવી બાબતમાં રોકવા ઉચિત જણાતું નથી. સાથોસાથ જાહેર સ્થળે કોઇ પણ વિરોધ પ્રદર્શન કે દેખાવો કરવા માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી ના મેળવી અને વિરોધ પ્રદર્શન અને દેખાવોને હિંસામાં ફેરવી દેવા એ પણ ઉચિત બાબત નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યમાં તેમજ કેન્દ્રમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાતા સામાન્ય નાગરિકોની માંગણીઓ અને લાગણીઓ પ્રત્યે સંપૂર્ણપણે સભાનતાપૂર્વક વર્તીને આવા પ્રકારના દેખાવો કે વિરોધપ્રદર્શન થાય તે પહેલા જ તે અંગેના

હકારાત્મક નિકાલની દિશામાં વિવિધ પગલાં ભરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૫ વર્ષમાં કોઇ મોટાપાયા પર લાંબા સમય સુધી શ્રમજીવીઓ કે સરકારી કર્મચારીઓના દિવસો સુધી ચાલતા આંદોલનો થયા નથી. વધુમાં, ગુજરાતના નાગરિકોને તેમાં પણ ખાસ કરીને આજના નવયુવાનો કરફ્યુ જેવા શબ્દથી પણ પરિચિત નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મોટાપાયે જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો ન કરવાના કારણો જોતાં મને લાગે છે કે, સામાન્ય નાગરિકોને મળવાપાત્ર પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોટી, કપડા ઔર મકાન ખૂબ જ સંઘર્ષ બાદ મળવાના બદલે સરળતાથી મળી રહે છે. રેશનીંગ માટે કોઇ પણ શહેર કે ગામમાં નાગરિકોની મોટી મોટી લાઇનો જોવા મળતી નથી. કેરોસીનની લાઇન હોઇ શકે તે આજની પેઢીને ખબર નથી કારણ કે ઉજ્જવલા યોજના અંતર્ગત ઘરે ઘરે ગેસના સિલીંડર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વ્યાજબી કિંમતે સારી ગુણવત્તા ધરાવતા આવાસો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભૂતકાળમાં ધરતીપૂત્રો સતત વિજળીનો પુરવઠો મળી રહે તે માટે આંદોલન કરતા રહ્યા છે પરંતુ આજે દરેક શહેર દરેક ગામમાં ૨૪/૭ વિજળી મળી રહે તે માટે સરકારની જ્યોતિગ્રામ યોજનાએ સિંહફાળો આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આ ગૃહને મને કહેવાની ઇચ્છા થાય છે કે આ બધી વસ્તુઓની મોદીની ગેરેંટી છે. આ સંજોગોમાં જ્યારે રાજ્યમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શનો અને દેખાવોની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય તેટલી હોય આવા સંજોગોમાં આવા પ્રકારના બીલની જરૂરીયાત જણાતી નથી.

માનનીય ધારાસભ્યશ્રીનું ઉદબોધન - ૪

માનનીય અધ્યક્ષશ્રી,

અમારા સાથી ધારાસભ્યશ્રી પુનમચંદજી બરંડા ગુજરાતમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવો પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે બિનસરકારી વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય ધારાસભ્યશ્રી પુનમચંદ બરંડાજીએ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ બિનસરકારી વિધેયક ક્રમાંક ૦૮/૨૦૨૩ સંદર્ભે હું મારા વિચારો/મંતવ્યો સન્માનનીય ગૃહ સમક્ષ આપના માધ્યમ મારફતે રજૂ કરુ છુ.

માનનીય અધ્યક્ષશ્રી,

બિનસરકારી વિધેયક ક્રમાંક ૦૮/૨૦૨૩ પર મારા પહેલાં સાથી ધારાસભ્યશ્રી મિત્રોએ આ અંગેના પોતાના મંતવ્યો/વિચારો વ્યક્ત કરેલા છે. મારા સાથીમિત્રોના મંતવ્યો/વિચારો સાથે સંમત છું. વધુ કંઇ કહેવાની જરૂર જણાતી નથી. પરંતુ આ અંગે ૨-૩ બાબતોને ગૃહના ધ્યાન પર મુકવાની મને જરૂર જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભૂતકાળ વાગોળવા જેવો નથી. સામાન્ય નાગરિકોની અપેક્ષાઓ પર ઉણી ઉતરેલી સરકારોને ટીકા કરવાથી કોઇ લાભ નથી. ગુજરાતના શાણા મતદારો આ હકીકત સારી રીતે જાણે છે એટલે તો ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૮થી સતત શાસનમાં છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૮થી શાસનમાં છે કારણ કે દિન પ્રતિદિન આ સરકારએ સુશાસનની દિશામાં પ્રયત્ન કરેલ છે. એક કહેવત છે કે, "ઓછા કાયદા અને વધુ કલ્યાણ પ્રવૃત્તિઓ". અમારી સરકારે આ દિશામાં નક્કર કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આ જ કારણોસર કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારે મોટાપાયા પરના બિનજરૂરી અને સામાન્ય નાગરિકોને હેરાનગતિ કરતા કાયદાઓ રીપીલ કરેલા છે. વર્તમાન સમયમાં ઇન્સપેક્ટર રાજની કલ્પના કરવી પણ શક્ય નથી. જ્યારે કોઇ પણ શાસન - નાગરિકોનો, નાગરિકો દ્વારા, નાગરિકો માટે હોય એટલે કે of the citizens, for the citizens and by the citizens હોય ત્યારે કોઇ પણ પ્રકારના જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન અને દેખાવોની જરૂર રહેતી નથી. કહેવાતા આગેવાનો જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કે દેખાવો યોજે છે, મીડીયામાં દેખાય છે અને મીનીટોમાં ખોવાઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજ્ય જ્યારે વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે, ત્યારે વ્રાઇબ્રન્ટ સમીટથી અબજોનું રોકાણ થાય છે, ગુજરાતના દરેક ધાર્મિક સ્થાનો અને પ્રવાસનો સ્થળો પર મોટી સંખ્યામાં યાત્રાળુઓ અને પર્યટકો જોવા મળે છે. જેનાથી નાના માં નાનો વેપારી પણ પોતાના જરૂરીયાત કરતા વધુ આવક મેળવતો થઇ ગયો છે. આ રાજ્યમાં જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કે દેખાવોની કોઇ જરૂરિયાત નથી તે બાબત દરેક નાગરિકોએ સમજવાની જરૂર છે. સરકાર દરેક નાગરિકો સાથે સંવાદ કરવા માટે તતપર છે. દરેક નાગરિકોની લાગણીઓ અને માંગણીઓ પરત્વે સરકાર સંપૂર્ણપણે ઉકેલની દિશામાં કાર્યરત છે. આવા સમયે આવા પ્રકારના બિલની હાલના તબક્કે કોઈ જરૂરિયાત નથી.